# ભિલોડામાં વેપારીઓ દ્વારા દુકાનો સજ્જડ બંધ

## ભિલોડા પોલીસ તંત્રની નિષ્ક્રીયતાને કારણે ચોરીઓનો ઉપદ્રવ વધતાં વેપારીઓમાં તીવ્ર રોષ ભભુક્યો : વેપારીઓ ધ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવેલ છે


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા,તા.૧ અરવલ્લી જીલ્લાના ભિલોડામાં વેપારીઓ ધ્વારા દુકાનો સજ્જડ બંધ રાખવામાં આવી હતી.ભિલોડાના હાર્દસમા સતત ધમધમતા માર્ગો સુમસામ બનતા કરફ્યું જેવો સર્જાયો હતો.ભિલોડા પોલીસ તંત્રની નિષ્ક્રીયતાને કારણે દિન-પ્રતિ-દિન નાના-મોટા વેપારીઓની દુકાનોમાં ચોરીઓનો ઉપદ્રવ વધતાં વેપારીઓમાં તીવ્ર રોષ ભભુક્યો ઉઠ્યો હતો. ભિલોડામાં લાખ્ખો-કરોડો રૂપિયાનો ધંધો રોજગાર ઠપ્પ થઈ ગયો હતો.

ભિલોડા વેપારી એસોશીએશન ધ્વારા ભિલોડા મામલતદાર એ.કે.જોષીને આવેદનપત્ર આપવામાં આવેલ હતું. ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ગુણવંતભાઈ ત્રિવેદી,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ,મુકેશભાઈ પટેલ,ભિલોડા વેપારી એસોશીએશન ઉપપ્રમુખ કમલેશભાઈ મહેતા, રઘજીભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, સામાજીક કાર્યકરો, અગ્રણી વેપારીઓએ જણાવ્યું હતું કે ભિલોડા તાલુકા મથક ખાતે દિવાળી પછી ૧૮ થી ૨૦ લોખંડના પતરાની દુકાનોના છતના ઉપરના ભાગેથી બોલ્ટ ખોલી તસ્કરો બિન્દાસ્ત રીતે ચોરીને અંજામ આપી રહ્યા છે જે ખરેખર પોલીસ તંત્ર માટે પડકારરૂપ ચોરીઓનો સીલસીલ જારી બન્યો છે. ભિલોડા પોલીસ તંત્ર અને વેપારીઓની ઉંઘ તસ્કરોએ હરામ કરી નાખતાં આજે ભિલોડાના વેપારીઓ ધ્વારા સ્વયંભુ ધંધા-રોજગાર બંધ રાખી દુકાનો બંધ રાખેલ હતી. ભિલોડા તાલુકામાં કાયદો-વ્યવસ્થાની કથળેલી સ્થિતી નિર્માણ થવા પામેલ છે. પોલીસ તંત્ર ધ્વારા સત્વરે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ વેપારીઓએ કરેલ હતી. જાગૃત વેપારીઓએ જણાવ્યું હતું કે પોલીસ તંત્ર ધ્વારા ચોરીઓનો ઉપદ્રવ અટકાવવામાં નહી આવે તો વેપારીઓ ધ્વારા અચોક્કસ મુદત આપી બજારો બંધ એલાન કરવામાં આવશે તેવું રણશીંગુ ફુકાયું છે. ભિલોડાના જાગૃત વેપારીઓ ધ્વારા અરવલ્લી જીલ્લા ડી.એસ.પી., ગૃહમંત્રી રજનીભાઈ પટેલને આવેદનપત્ર પણ આપવામાં આવેલ હતું પરંતુ આજ દિન સુધી કોઈ પરીણામ આવેલ નથી અને કાયદો વ્યવસ્થાની સ્થિતી કથળતી હાલત છે.

### ભિલોડાના વેપારી એસોશીએશનના વેપારીઓની માંગણીઓ નીચે મુજબ છે

૧. ભિલોડા મઉં ચાર રસ્તા પાસે મીની પોલીસ ચોકી ૨૪ કલાક કાર્યરત કરવા માંગણી
૨. ભિલોડામાં પોલીસવાન કાર્યરત કરવા માંગણી
૩. ભિલોડા પોલીસ સ્ટેશનમાં સ્થાનિક પોલીસ નહી રાખવાની માગણી
૪. ભિલોડામાં ઠેર-ઠેર દારૂ-જુગારના અડ્ડાઓ બંધ કરાવવા માંગણી
૫. ભિલોડા પોલીસ સ્ટેશનમાં અપુરતો સ્ટાફ હોવાના કારણે પુરતો સ્ટાફ આપવાની માંગણી
૬. ભિલોડા હાર્દસમા બજાર વિસ્તારોમાં ટ્રાફીકની ગંભીર સમસ્યાનું ગ્રહણ અટકાવવા માંગણી સહિત વિવિધ પ્રકારની માંગણીઓ વેપારીઓ ધ્વારા કરવામાં આવેલ છે.પોલીસ તંત્ર ધ્વારા માંગણીઓ નહી સંતોષાય તો વેપારીઓ ગાંધીચિંધ્યા માર્ગે લડત આપશે તેવુ રણશીગું ફુકાયું છે.

ભિલોડાના જાગૃત વેપારીઓએ જણાવ્યું હતું કે ભિલોડામાં સમી સાંજે દુધ નથી મળતુ પણ સરળતાથી દેશી-વિદેશી દારૂ સરળતાથી મળતો હોય છે.પોલીસ તંત્ર ધ્વારા દારૂની બદી નાથવામાં નિષ્ફળ નીવડી છે.ભિલોડામાં ચોરીઓનો ઉપદ્રવ અટકાવવા માટે પોલીસ તંત્ર ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવા તાતી જરૂરીયાત છે.

# હિન્દુ સમાજમાં જોવા મળતી અસ્પૃશતા સમાજ અને ધર્મ માટે કલંકરૂપ : તોગડીયા

મોડાસા, તા. ૧ અરવલ્લીના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામના મહેમાન બનેલા હતું કે, હિન્દુભાઈઓએ અંદર અંદર જોવા મળતી અસમાનતા દૂર કરી એકતા જાળવવા જણાવ્યુ હતુ. મેઘરજના મહેમાન બન્યા હતા. અરવલ્લી જિલ્લાના મંત્રી કિરીટભાઈ શાહના ત્યાં રોકાયા બાદ મેઘરજ જવા


(તસવીર : જય અમીન, મોડાસા)

હિન્દુઓના અને વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મંત્રી પ્રવિણ તોગડીયાએ હજ્જારોની સંખ્યામાં ઉમટેલા હિન્દુઓને સંબોધતા જણાવ્યું

વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મંત્રી અને હિન્દુઓના હૃદય સમ્રાટ ગણાતા પ્રવિણભાઈ તોગડીયા આજે મોડાસા અને રવાના થયા હતા અને ઘેલીમાતાના મંદિરથી આતુરતાપૂર્વક રાહ જોતા બાઈક સવારો પ્રવિણભાઈ તોગડીયાને બાંઠીવાડા લઈ ગયા હતા. જ્યાં પ્રવિણભાઈને સાંભળવા માટે વિશાળ સંખ્યામાં હિન્દુઓ ઉમટી પડ્યા હતા. આ સભાને સંબોધતા પ્રવિણ તોગડીયાએ જણાવ્યું હતું કે, હિન્દુ સમાજમાં જોવા મળતી અસ્પૃશતા હિન્દુ સમાજ અને ધર્મ માટે કલંકરૂપ અને ભારતમાં રહેતા તમામ નાના-મોટા સામાજીક હિન્દુ જ્ઞાતિઓનું ગૌત્ર અને ડી.એન.એ. એ આદિ અનાદિ કાળથી જોવામાં આવતો એક જ છે. છતાં ભારતભરમાં અલગ-અલગ સમાજના ૧૦૦ કરોડ લોકો હોવા છતાં મનમાં ઘર કરી ગયેલી કક્ષાની અસ્પૃશ્યતા દૂર થતી નથી અને આપણે એક થઈ શકતા નથી એ બાબત હિન્દુ સમાજ માટે આઘાતજનક છે. તેમજ સૌએ સાથે મળીને એકરૂપ થઈ એકતા જાળવવી જોઈએ. પ્રવિણ તોગડીયાને સાંભળવા માટે વિશાળ સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ત્યાર બાદ મેઘરજના વિહપ કાર્યકર કનુભાઈ પરમારના ઘરે ૧૦ મિનિટ રોકાયા હતા અને આ પ્રસંગે કનુભાઈ પરમારે વિહપના પૂર્ણકાલિન સ્વયંમસેવકોને વસ્ત્ર દાન આપ્યુ હતુ. પ્રવિણ તોગડીયા આવવાના હોવાથી ગુજરાત આઈ.બી. વિભાગના કર્મચારીઓ ખડેપગે ઉભા રહ્યા હતા. અરવલ્લી વિહપના કાર્યકરો તેમજ સમગ્ર કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા મંત્રી કિરીટ શાહ, પૂર્વ મેયર શૈલેષભાઈ ભોઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

રાજકોટના પોલીસ કર્મચારીએ માત્ર શોખ ખાતર માત્ર શોખ ખાતર સાયકલયાત્રાએ નિકળ્યા છે. જેઓ ગુજરાત અને રાજસ્થાનમાં ફરી દોઢ માસે ડીસા આવી પહોંચતા ડીસાવાસીઓ દ્વારા સ્વાગત કરાયું હતું. રાજકોટ શહેર પોલીસમથકમાં ફરજ બજાવતા દિલીપસિંહ રાઠોડ માત્ર શોખ ખાતર તા. ૧૫-૮-૨૦૧૪ ના રોજ સાયકલ યાત્રાએ નિકળ્યા હતા. તેઓ રાજકોટથી સાયકલ પર નિકળ્યા બાદ ચોટીલા, બહુચરાજી, અંબાજી, રાજસ્થાનના જેસલમેર, માઉન્ટઆબુ સહીતના વિવિધ વિસ્તારોમાં ફર્યા હતા. તેઓ સોમવારના રોજ ડીસા આવી પહોંચ્યા હતા તેમને શહેરવાસીઓ દ્વારા આવકાર આપવામાં આવ્યો હતો. તેઓ ૩૦ વર્ષથી પોલીસ ખાતામાં નોકરી કરતા હોવાનું દિલીપસિંહ રાઠોડે જણાવ્યું હતું.

### અલંગ વિસ્તારમાં મોટી માત્રામાં જથ્થો મળે છે

અલંગ ખાતે તૂટવા માટે આવેલા વહાણમાંથી મોટી માત્રામાં બળેલા ઓઈલનો જથ્થો મળતો હોય છે તે ઉપરાંત કેટલીક કંપનીઓ ફેક્ટરીઓમાં પણ બળેલા ઓઈલની હરાજી દ્વારા વેચાણ કરવામાં આવે છે. વાહન રીપેર કરનાર ગેરેજ સંચાલકો દ્વારા ઓઈલ બદલ્યા બાદ જે બગડેલો ઓઈલનો જથ્થો ભેગો થાય તે પણ નાના ઉત્પાદકોને વેચાણ કરવામાં આવે છે જે ઓઈલને બાદમાં રિ-રિફાઈન કરવામાં આવે છે. રિફાઈન થયા બાદ કાર્બન જથ્થો નાશ કરવા માટે મોકલવો પડે છે જે ઉત્પાદકો દ્વારા વધેલો અતિ જોખમી કાર્બનનો જથ્થો બારોબાર ઈંટ ઉત્પાદકોને આપી દેવામાં આવે છે.

# જીવનમાં જીવતા કીડનીનું દાન કર્યુ મૃત્યુ બાદ દેહદાનનો સંકલ્પ કર્યો

પાલનપુર, તા. ૧ માનવ સેવા એજ પ્રભુ સેવાના સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરતો કિસ્સો પાલનપુર શહેરમાં પ્રકાશમાં આવ્યો છે.

પાલનપુર શહેરની એક વૃદ્ધ મહિલા સુનીતાબેન સમરેશભાઈ પઢીયારે દેહદાન, ચક્ષુદાન તથા અંગદાનનો સેવાભાવી સંકલ્પ કર્યો છે. પોતાના અવસાન બાદ પોતાના દેહને અમદાવાદની બી.જે. મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓને મેડીકલ સાયન્સના અભ્યાસ માટે સોંપવામાં આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી છે. શરીરના વિવિધ અંગો આંખો, કિડની, હૃદય વગેરે કોઈનું જીવન બચાવવા માટે ઉપયોગમાં લેવાય તે જરૂરી છે. આથી તેમણે દેહદાનની નોંધણી કરવી છે. શતાયુ સંસ્થા, અંગદાન-મહાદાન અમદાવાદ ખાતે અંગદાનનું સંકલ્પ પત્ર ભર્યુ હતુ.

સુનીતાબેન પઢીયારે જણાવ્યું હતું કે પોતાના કુટુંબીજનો સગા સંબંધી અને પરિવારના સર્વે સ્નેહીબંધુઓએ મારા અવસાન બાદ દેહદાન અંગદાન કર્યા બાદ કોઈ પણ પ્રસંગે દુઃખ કે શોક વ્યક્ત કરવાની જરૂર નથી જો મને યાદ કરવા માગંતા હોય તો કોઈ રોતી



આંખના આંસુ લુછીને અથવા જરૂરીયાદ મંદ વ્યક્તિની સેવા કરજો.

ભૂતકાળમાં પણ સુનીતાબેન પતિ સમરેશભાઈની બંને કીડની ફેઈલ થઈ ગઈ હતી જેથી પોતે તે સમયે પોતાના પતિનું જીવન બચાવવા પોતાની એક કીડનીનું મહાદાન કરીને જીવતા જીવ અંગદાનનું સેવાભાવી કાર્ય પણ કર્યુ છે.

# ચારુતર વિદ્યામંડળ સંચાલિત બીબીઆઈટીના નવા ભવનનું ભૂમિપૂજન

## સીવીએમના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલનાં અમેરિકાનિવાસી દીકરીએ મિકેનિકલ અને મૅકેટ્રોનિક્સ ભવન સાથે સાસુ-સસરાનું નામ જોડવા ૫૧ લાખ રૂપિયાનું દાન આપ્યું

વલ્લભ વિદ્યાનગર, ૧ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત બી ઍન્ડ બી



ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅકનોલોજી (બીબીઆઈટી)ના મિકેનિકલ અને મૅકેટ્રોનિક્સના નવા ભવન માટે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલનાં અમેરિકાનિવાસી દીકરી શ્રીમતી શોભાબેન કિરીટકુમાર પટેલે રૂપિયા ૫૧ લાખનું માતબર દાન આપીને આ ભવન સાથે પોતાના સસરા-સાસુ શ્રી રમણભાઈ પટેલ અને શ્રીમતી શારદાબહેન પટેલનું નામ જોડવાનો માર્ગ પ્રશસ્ત કર્યો છે.

સોમવારે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને તેમના માનદ સાથીઓ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં શ્રીમતી શોભાબહેન કિરીટકુમાર પટેલને હસ્તે નવા ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. બીબીઆઈટીના આચાર્ય ડૉ.કે.એમ.મકવાણાએ આ પ્રસંગે સૌ મહાનુભાવો અને અતિથિઓને આવકાર્યા હતા. સૂચિત ભવન બે કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થશે.

ભૂમિપૂજનના શુભપ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલ અને તેમનાં દાતા-પુત્રી શ્રીમતી શોભાબહેન પટેલની પૌત્રી ઉપરાંત ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી એમ. જે. પટેલ અને પ્રિ.આર. સી.દેસાઈ તેમજ વિઠ્ઠલ ઉદ્યોગનગર એસોશિએશનના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ પટેલ, ઉદ્યોગપતિ શ્રી જયંતીભાઈ પટેલ(વૉમસ્ટ્રીમવાળા) વિવિધ શિક્ષણ સંસ્થાઓના વડાઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧